# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-02-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પરીક્ષા પે ચર્ચા-P.M:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "પરીક્ષા પે ચર્ચા" ના ૯મા સંસ્કરણમાં પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાની રીતો પર ચર્ચા કરી. શ્રી મોદીએ વિદ્યાર્થીઓને પરીક્ષાથી આગળ જોવા અને જીવન કૌશલ્ય, રમતગમત, સર્જનાત્મકતા અને સ્વ-વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા.

શ્રી મોદીએ વિદ્યાર્થીઓને નાના સ્ટાર્ટઅપ્સથી તેમની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને ફક્ત પ્રવાસીઓ તરીકે નહીં, પણ શીખનારા તરીકે મુસાફરી કરવાની સલાહ આપી.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આદિવાસી સમુદાયોએ ભારતની પ્રગતિમાં ફાળો આપ્યો છે. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં ક્યારેય આત્મસંતુષ્ટ ન રહેવા અને હંમેશા આગળ વધવા વિનંતી કરી.

**-----------------------------------------------------------------------------------------**

## સંપુર્ણતા અભિયાન 2.O બેઠક :

જીલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લાના વિકાસશીલ તાલુકાઓ રાપર અને લખપત માટે 'સંપૂર્ણતા અભિયાન ૨.૦' ના અમલીકરણ અંગેની મહત્વની બેઠક યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાના લખપત અને રાપર તાલુકાને એસ્પિરેશનલ

તાલુકાની કેટેગરીમાં આવરી લેવામાં આવ્યા છે. જેથી ૨૮ જાન્યુઆરીથી લઈને ૧૪ એપ્રિલ સુધી લખપત અને રાપર તાલુકામાં ૦૬ ઈન્ડીકેટર્સ સાથે તાલુકાના વિકાસ માટે આયોજનબદ્ધ રીતે યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે.

બેઠકના પ્રારંભે જીલ્લા કલેક્ટર આનંદ પટેલે ગત વર્ષના 'સંપૂર્ણતા અભિયાન ૧.૦ ' ની કામગીરીની પ્રસંશા કરીને રાજ્યકક્ષાએ ગોલ્ડમેડલ પ્રાપ્ત કરવા બદલ ટીમ કચ્છને અભિનંદન પાઠવ્યા હતા. આ વર્ષે પણ નાગરિકોના હિતમાં નવા ઈન્ડીકેટર્સમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરીને તાલુકાના વિકાસમાં સહભાગી બનવા અપીલ કરી હતી. તેમજ નવા લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે એક્શન પ્લાન તૈયાર કરવા, અમલીકરણ વિભાગો દ્વારા સૂચારું પ્લાનિંગ કરવા અને સમયાંતરે રિવ્યૂ કરવાની બાબત પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત યોગ્ય રિપોર્ટિંગ થાય તે બાબતને પ્રાથમિકતા આપી હતી.

----------------------------------------------------------------------------------------------

## <u>સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી ૨.૦ :</u>

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત જ્ઞાનના સર્જન અને સામાજિક વિકાસમાં યોગદાન આપતા નવીન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે કચ્છ યુનિવર્સિટી દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. કચ્છ યુનિવર્સિટીના SSIP સેલ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા અથવા અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ પાસેથી નવતર આઈડિયા અને પ્રોજેક્ટ્સની દરખાસ્તો મંગાવવામાં આવી છે.

રસ ધરાવતા વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટની વિગતો આગામી ૧૫ મી સુધીમાં મોકલી આપવાની રહેશે. વિદ્યાર્થીઓએ પોતાનીદરખાસ્તો ssipkskv@gmail.com પર મેઈલ કરવાની રહેશે. કચ્છ યુનિવર્સિટી દ્વારા જિલ્લાના નવયુવાનોને આ તકનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

----------------------------------------------------------------------------------------------

## જિલ્લા વહીવટી તંત્ર સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની તૈયારીમાં:

આગામી દિવસોમાં રાજયની સાથે કચ્છમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાનાર છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર સ્થાનિક સ્વરાજય ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે. આ ચૂંટણી માટે ઉપયોગમાં લેવામાં આવનાર ઈવીએમના ફર્સ્ટ લેવલ ચેકીંગની કામગીરી આરંભવામાં ખાવી છે. આ કામગીરી 14 મી ફેબ્રૂંઆરી સુધી ચાલશે.

ચૂંટણી શાખામાંથી મળેલી સતાવાર વિગત અનુસાર બેંગાલુરુથી આવેલા ત્રણ નિષ્ણાતો ઈવીએમની પ્રાથમિક સ્તરની તપાસણી કરશે.જેના  પ્રથમ ચરણમાં નગરપાલિકાની ચૂંટણી માટે ઉપયોગમાં લેવામાં આવનાર 1,368 ઈવીએમનું  ફર્સ્ટ લેવલ ચેકીંગ કરાશે. આ પછીના તબકકામાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર ઈવીએમને પ્રાથમિક સ્તરીય ચકાસણીમાં આવરી લેવાશે.

---

## વિશ્વ કઠોળ દિવસ:

કઠોળની ખેતી, ઉત્પાદકતા અને તેના પોષણમૂલ્યને પ્રોત્સાહન આપવાના હેતુસર સમગ્ર વિશ્વમાં આજે 10 ફેબ્રુઆરીને વિશ્વ કઠોળ દિવસ તરીકે ઉજવાય છે. ત્યારે ચણાની ઉત્પાદકતામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

છેલ્લા ૬ વર્ષમાં રાજ્યમાં કઠોળનું ઉત્પાદન ૧૦.૫૮ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૧.૫૨ લાખ મેટ્રિક ટન એટલે કે બમણું નોંધાયું છે. ચણા અને તુવેરના પાકમાં ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે મોટી સિદ્ધિ મેળવી છે.

રાજ્યમાં મઠ, મગ અને અડદ જેવા પાકોનું વાવેતર પણ વધ્યું છે, જેમાં કચ્છ અને બનાસકાંઠા જેવા વિસ્તારો મોખરે છે. ખાસ કરીને કચ્છના સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારોમાં મઠનું વિપુલ માત્રા વાવેતર જોવા મળી રહ્યું છે.

---

## મિશ્ર રૂતુ યથાવત રહેવા આગાહી:

રાજ્યમાં હાલ મોટે ભાગે બેવડી રૂતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડીના ચમકારો અનુભવાઈ રહ્યો છે. જ્યારે બપોરે આકરો તડકો હોય છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં મિશ્ર વાતાવરણ યથાવત રહેશે. આ બેવડી રૂતુના પરિણામે શરદી, ખાંસી જેવા રોગોના દર્દીઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

---